# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-06-2024** **Morning : 7.10 to 7.20**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હર્ષ લેઉઆ વાંચે છે.

---

- ગુજરાતમાં સમય કરતાં વહેલું ચોમાસું પ્રવેશે તેવી સંભાવના આજે દક્ષિણ ગુજરાતના કેટલાંક જીલ્લામાં વરસાદની આગાહી
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચોમાસાની સ્થિતિને પહોંચી વળવા કંટ્રોલરૂમ તૈયાર કરવામાં આવ્યો.
- લોકસભાની ચૂંટણીના પરિણામોની સત્તાવાર જાહેરાત થતાં આદર્શ આચાર સંહિતા ઉઠાવી લેવામાં આવી.
- ભાજપ અને એન.ડી.એ. સંસદીય પક્ષની બેઠકમાં ભાગ લેવા મુખ્યમંત્રી ઉપરાંત રાજયના તમામ સાંસદો નવી દિલ્હી પહોંચ્યા
- તમામ કરદાતાઓના આવકવેરા રીટર્નની ફરજિયાત ચકાસણી કરવામાં આવશે.
- આજે વિશ્વ અન્ન સલામતી દિવસની ઉજવણી

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Rain

ગુજરાતમાં નૈઋત્યનાં ચોમાસાનાં આગમનની ઘડીઓ ગણાઈ રહી છે. અરબી સમુદ્રમાં ચોમાસા પૂર્વની પ્રવૃત્તિ તેજ બની છે, જેનાં કારણે સમય કરતાં વહેલું ચોમાસુ પ્રવેશે તેવી સંભાવના છે. બે દિવસથી રાજ્યનાં વિવિધ શહેરમાં તાપમાનમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે અને ભેજનું પ્રમાણ વધી રહ્યું છે.

હવામાન વિભાગનાં જણાવ્યા પ્રમાણે ચોમાસુ આગળ વધવા માટે સાનુકુળ હવામાન છે. તેને જોતાં ચોમાસુ મુંબઇ અને ગુજરાતમાં સમય કરતાં વહેલું પ્રવેશી શકે છે. અરબી સમુદ્રમાં ઊંડા દબાણની અસરને કારણે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાનાં વિસ્તારોમાં પ્રિ મોન્સુન એક્ટિવિટી વધી જશે.

આજે દક્ષિણ ગુજરાતમાં અને આવતીકાલથી મંગળવાર સુધી રાજ્યનાં કેટલાંક જિલ્લામાં હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે. કેટલાંક સ્થળોએ પ્રતિ કલાક 30થી 40 કિલોમીટરની ઝડપે પવન ફુંકાય તેવી પણ સંભાવના છે.

ગુજરાતમાં વલસાડ જિલ્લાથી ચોમાસાની શરૂઆત થશે. આજે અને આવતીકાલે દાહોદ, છોટા ઉદેપુર, ડાંગ, તાપી, નવસારી અને વલસાડમાં વરસાદની સંભાવના છે. રવિવારે 12, સોમવારે 13 અને મંગળવારે 17 જેટલાં જિલ્લામાં હળવોથી મધ્યમ વરસાદ પડે તેવી સંભાવના છે.

---------------------------------------------------------------

----ડેસ્ક અનિલ આર પટેલ

-(નવીન)

# Ahmedabad Monsoon

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચોમાસા દરમિયાન દરેક પરિસ્થિતિને પહોંચી વળવા માટે ખાસ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.જે અંતર્ગત સંસ્કાર કેન્દ્ર પાલડી ખાતે મુખ્ય કંટ્રોલ રૂમ તૈયાર કરવામાં આવ્યો છે, સાથે જ મુખ્ય કંટ્રોલરૂમથી જુદા જુદા 24 કન્ટ્રોલ રૂમ સાથે જ વાયરલેસ સીસ્ટમ અને ઇન્ટરનેટના માધ્યમથી ડિજિટલી કનેક્ટ કરવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, વરસાદ માપવાના કુલ 27 અદ્યતન ઓટોમેટિક રેન ગેજ મૂકીને કામગીરી હાથ ધરવામાં આવી છે અને 130 વોટર લોગીન સ્પોર્ટ નક્કી કરવામાં આવ્યા છે જે માટે 2300 કેમેરાથી નજર રાખવામાં આવશે.

અમદાવાદ શહેરના મેયર પ્રતિભા જૈન જણાવ્યું હતું કે, ડ્રેનેજની સફાઈ કામગીરી છે એ તાકીદે પૂર્ણ કરવા સૂચના આપવામાં આવ્યા છે ઉપરાંત ઝડપી કામગીરી થાય તેની પણ તકેદારી રાખવામાં આવી છે..

વધુ માહિતી આપતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી કમિશનર મીર પટેલે આ મુજબ જણાવ્યું

(બાઈટ મીર પટેલ, ડેપ્યુટી કમિશનર, AMC)

-----------------------------------------------------------------

- અનિલ પટેલ

-(નવીન)

# EC Code of Conduct

ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી માટે તથા વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે 16 માર્ચથી અમલમાં આવેલી ચૂંટણીની આચારસંહિતા, હવે પરિણામો બાદ ઉઠાવી લેવામાં આવી છે.

ચૂંટણી પંચનાં ગુજરાત કાર્યાલયે આ જાહેરાત કરી છે. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા નક્કી કરવામાં આવેલા ચૂંટણી કાર્યક્રમ પ્રમાણે બંને ચૂંટણીનાં પરિણામો સત્તાવાર જાહેર થઈ ગયા હોવાથી ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થઈ છે.

પંચની આ જાહેરાત બાદ સચિવાલય અને તેને સંબંધિત વિભાગો તથા મુખ્યમંત્રી અને મંત્રીમંડળના સભ્યો જ્યાં બેસે છે તે સ્વર્ણિમ સંકુલમાં રાબેતા મુજબ કાર્યવાહી પુનઃ શરૂ થશે.

---------------------------------------------------------------------

---ડેસ્ક અનિલ આર પટેલ

# BJP MPs in Delhi

કેન્દ્રમાં એનડીએની સરકાર રચાવા જઈ રહી છે ત્યારે આજે નવી દિલ્હીમાં ભાજપ સંસદીય પક્ષ તથા એનડીએનાં સાથી પક્ષોની બેઠકો યોજવામાં આવી છે.

આ બેઠકમાં ભાગ લેવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર પાટીલ તથા નવા ચૂંટાયેલા મોટા ભાગનાં સાંસદો નવી દિલ્હી પહોંચી ગયા છે.

ભાજપે તેનાં તમામ 25 સાંસદોને ગૂરૂવાર સાંજ  સુધીમાં દિલ્હી પહોંચવા સૂચના આપી હતી. કેન્દ્રીય મંત્રીઓ પરશોત્તમ રૂપાલા, ડો. મનસુખ માંડવિયા, દેવુસિંહ ચૌહાણ પણ દિલ્હી પહોંચી ગયા છે.

---

--ડેસ્ક અનિલ આર પટેલ

-(નવીન)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.........................................

# CBDT

કેન્દ્રીય પ્રત્યક્ષ કરવેરા બોર્ડ (CBDT)એ નાણાકીય વર્ષ 2024-25 માટેનાં નિયમો બનાવ્યા છે, જે અંતર્ગત તમામ કરદાતાઓનાં આવકવેરા રિટર્નની ફરજિયાત ચકાસણી કરવામાં આવશે.

બોર્ડનાં જણાવ્યા પ્રમાણે સૂચનાનું પાલન નહીં કરનારા અધિકારીઓ સામે પગલાં લેવામાં આવશે. રિટર્નમાં સાચી માહિતી નહીં આપનારા પર દંડ ફટકારવામાં આવશે. આવકમાં તફાવત કે મોટા રિફન્ડનો દાવો ધ્યાનમાં આવશે તો તેની ચકાસણી કરીને કસૂરવાર સામે પગલાં લેવાશે.

આ ઉપરાંત, ચોખ્ખો નફો અને ચોખ્ખું નુકસાન, વિદેશી વ્યવહારો, ઓપનિંગ સ્ટોક અને ક્લોઝિંગ સ્ટોકની તપાસ કરીને જરૂર પડ્યે કેસ ફરી ખોલવામાં આવશે એમ સીબીડીટીએ જણાવ્યું છે.

---

---ડેસ્ક અનિલ આર પટેલ

-(નવીન)

# Rajkot fire

રાજકોટ મહાનગરપાલિકાના ડેપ્યુટી ફાયર ઓફિસર બી. જે. ઠેબાની ધરપકડ કરવામાં આવી છે.

તાજેતરમાં રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોન ખાતે આગ લાગતા તેમાં 27 લોકોનાં મૃત્યુ થયા હતા. આ દુર્ઘટના બાદ જુદા જુદા દ્રષ્ટિકોણથી તપાસ શરૂ કરવામાં આવી હતી, જેમાં એન્ટી કરપ્શન બ્યુરો પણ જોડાયું હતું. છેલ્લા ચાર પાંચ દિવસથી ચાલી રહેલી આ તપાસ દરમિયાન બી. જે. ઠેબા પાસે અપ્રમાણસરની મિલકત મળી આવી હોવાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

બી. જે. ઠેબા પાસેથી કુલ ૭૯ લાખ કરતા વધુની અપ્રમાણસરની મિલકત હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ બહાર આવ્યું છે.

એસીબીના ડીવાયએસપીએ ફરિયાદી બની એસીબી રાજકોટમાં ફરિયાદ નોંધાવતા બી. જે. ઠેબાની ધરપકડ કરવામા આવી છે.

---------------------------------------------------------------------

---પીટીસી રાજકોટ  અનિલ આર પટેલ

-(નવીન)

# FOOD SAFETY DAY

આજે વિશ્વ અન્ન સલામતી દિવસ છે. અન્નને સલામત રાખવું કેટલું મહત્વનું છે, તે અંગે જાગૃતિ ફેલાવવા અને અન્ન સંબંધિત જોખમો સામે પગલાં લેવા સંયુક્ત રાષ્ટ્રએ ડિસેમ્બર 2018માં આ દિવસ મનાવવાનો નિર્ણય લીધો હતો.

સાત જૂન, 2019થી આ દિવસ મનાવવાની શરૂઆત થઈ હતી.  આપણે જે ખોરાક ખાઇએ છીએ તે આરોગ્ય માટે સલામત હોય તે સુનિશ્ચિત કરવા વિશ્વ આરોગ્ય સંસ્થા અને યુએનની ફુડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઇઝેશન તથા અન્ય જૂથો અન્નની સલામતી અંગે જાગૃતિ ફેલાવવા આ દિવસને ઉજવે છે અને વિશ્વભરમાં અનેક કાર્યક્રમો યોજે છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાનાં અહેવાલ પ્રમાણે અન્ન સંબંધિત બિમારીઓને કારણે દર વર્ષે વિશ્વમાં 42 હજાર લોકો મૃત્યુ પામે છે. સાત જૂન, 2019થી આ દિવસ મનાવવાની શરૂઆત થઈ હતી.

---------------------------------------------------------------------

----ડેસ્ક અનિલ આર પટેલ

-(નવીન)

# Anand-Mobile Milk Collection and Cooling System

દુર્ગમ વિસ્તારોમાંથી દૂધ એકત્રીકરણ માટે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ અને સુઝુકી આર એન્ડ ડી સેન્ટર ઇન્ડિયા પ્રા.લિ.ની સહાયક કંપની IDMC લિમિટેડ દ્વારા મોબાઇલ મિલ્ક કલેકશન એન્ડ કુલિંગ સિસ્ટમ વિકસાવવામાં આવી છે.

અમારા આણંદ જિલ્લાના પ્રતિનિધિ પરેશ મકવાણા જણાવે છે કે આ નવા પ્રકારની સિસ્ટમ પશુપાલકોના ઘરઆંગણે ઓટોમેટેડ ટેસ્ટિંગની સુવિધા પૂરી પાડશે. જેના પગલે દૂધનું એકત્રિકરણ નિષ્પક્ષ અને પારદર્શક રીતે થઈ શકશે, દૂધની ગુણવત્તા જળવાશે અને સ્થળ પર જ તેનું કૂલિંગ થઈ જવાથી તેની શેલ્ફ-લાઇફ પણ વધારી શકાશે. તેનાથી અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારોમાં વસતાં પશુપાલકો માટે સુઆયોજિત રીતે દૂધ પ્રાપ્ત કરવાની પ્રણાલી સુલભ બનશે તથા ગાયના દૂધ, ઊંટના દૂધ વગેરે જેવા વિશિષ્ટ પ્રકારના દૂધનો કાર્યક્ષમ રીતે નિભાવ કરી શકાશે.

આ સિસ્ટમને પ્રાયોગિક ધોરણે રચવામાં અને વિકસાવવામાં આવી છે અને લદ્દાખ મિલ્ક ફેડરેશન દ્વારા સૌપ્રથમ તેને ઉપયોગમાં લેવામાં આવશે.

--------------------------------------------------------------------

- પીટીસી આણંદ, હર્ષ -(નવીન)

# Anand youth death

ખાનપુર પાસે દર્શ અમાસ નિમિત્તે નહાવા ગયેલા ગામડી ગામના એક પરિવારના ચાર વ્યક્તિઓના ડુબવાથી મોત થતાં સમગ્ર ગામમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

અમારા આણંદ સ્થિત પ્રતિનિધિ પરેશ મકવાણા જણાવે છે કે, એક પરિવારના નવ વ્યક્તિઓ ગઈ કાલે બપોરે દર્શ અમાસને ખાનપુર ગામ પાસેથી પસાર થતી મહિસાગર નદીમાં નહાવા માટે ગયા હતા. આ દરમિયાન, પરિવારની એક વ્યક્તિ ઉંડા પાણીમાં ડૂબવા લાગતાં અન્ય લોકો પણ તેને બચાવવા નદીમાં કુદી પડ્યા હતા, જેમાં ચાર જણાં નદીનાં પાણીમાં ખેંચાઈ ગયા હતા. જો કે તેઓ નદીનાં ૬૦ ફૂટ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

તપાસને અંતે ચારેયનાં મૃતદેહ મળી આવ્યા હતા. સારસા આરોગ્ય કેન્દ્રમાં તેમનાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા હતા.

પોલિસે આ ઘટનાની નોંધ લઈને વધુ તપાસ હાથ ધરી છે.

રેતી માફિયાઓ દ્વારા નદીમાં રેતીખનન માટે ઠેરઠેર ખાડાઓ કરી દેવાનાં કારણે નદીમાં નહાવા જતા લોકો આ ખાડાઓમાં ઉતરી જવાનાં કારણે ડુબી જવાની ઘટનાઓ બની રહી છે.

ઉલ્લેખનીય છે કે, મહિસાગર નદીમાં ગત રવિવારે આણંદ અને લાંભવેલનાં બે યુવકોનાં ડુબવાથી મૃત્યુ થયા હતા.

---

--પીટીસી.. આણંદ અનિલ આર પટેલ

-(નવીન)